ઝિયારત કેવી રીતે કરવી

રસૂલુલ્લાહ ﷺ ની મસ્જિદ અને રોઝા મુબારકની ઝિયારતની
વિધિઓની સરળ ગુજરાતીમાં સમજૂતિ



લેખક
હઝરત મૌલાના મુહમ્મદ સલીમ ધોરાત સાહેબ હફિઝહુલ્લાહ

مجمع الدعوة الإسلامي
ઈસ્લામિક દા‘વહ અકાદમી
ચેરિટી નોંધણી નં. ૧૦૬૫૧૭૫
www.idauk.org

ઝિયારત
કેવી રીતે કરવી

રસૂલુલ્લાહﷺની મસ્જિદ અને
રોઝા મુબારકની ઝિયારતની
વિધિઓની સરળ ગુજરાતીમાં સમજૂતિ

લેખક
હઝરત મૌલાના મુહમ્મદ સલીમ ધોરાત સાહેબ હફિઝહુલ્લાહ

ભાષાંતર
આદમ ઘોડીવાલા

مجمع الدعوة الإسلامي

ઈસ્લામિક દા'વા અકાદમી

© ઈસ્લામિક દા'વહ અકાદમી

ઝિયારત કેવી રીતે કરવી

લેખક : હઝરત મૌલાના મુહમ્મદ સલીમ ધોરાત સાહેબ

સર્વ હક્ક સ્વાધીન. આ પ્રકાશનનો કોઈપણ અંશ ઈસ્લામિક દા'વાહ અકાદમીની પૂર્વ મંજૂરી વગર પુનર્મુદ્રિત, પુનઃ પ્રાપ્તિ માટે સંગ્રહિત, કે વીજાણુ, યાંત્રિક, ફોટોકોપી, ધ્વનિઅંકિત કે અન્ય સ્વરૂપે પ્રેષિત કરવો નહીં.

પ્રકાશક
Islamic Da'wah Academy
120 Melbourne Road
Leicester, England
LE2 0DS
Tel. (0116) 262 5440

Website www.idauk.org

સૂચિ

પ્રાસ્તાવિક v

અગત્યનાં સૂચનો ૧

ઝિયારત ૩

ઝિયારત શું છે ? ૩

ઝિયારતની ફઝીલત ૩

ઝિયારત ક્યારે કરવી ૬

નિય્યત (આશય) ૬

મદીના મુનવ્વરહને માર્ગે ૭

મદીના મુનવ્વરહમાં ૧૦

મસ્જિદે નબવીમાં પ્રવેશ ૧૨

રોઝા મુબારક પાસે ૧૬

સલામ પછી ૨૪

સ્તંભો ૨૫
૧ મુખલ્લક સ્તંભ ૨૫
૨ આયેશા ﷺ સ્તંભ ૨૬
૩ તૌબા સ્તંભ ૨૭
૪ સરીર સ્તંભ ૨૯
૫ અલી ﷺ સ્તંભ ૨૯
૬ વુફૂદ સ્તંભ ૨૯
૭ તહજજૂદ સ્તંભ ૩૦
૮ જિબ્રઈલ સ્તંભ ૩૦
મદીના મુનવ્વરહમાં હોવ ત્યારે ૩૧
વિદાય સલામ અને
મદીના મુનવ્વરહથી રવાનગી ૩૫
કેટલીક ધ્યાનમાં રાખવાની બાબતો..................................૩૬
સારાંશ ૩૮

بسم الله الرحمن الرحيم

પ્રાસ્તાવિક

અલ્લાહની ﷻ મહેરબાનીથી ઈસ્લામના આ નમ્ર સેવકે લખેલ ''ઉમરહ કેવી રીતે કરવો'' પુસ્તિકા આ માસમાં પ્રગટ થઈ. એમાં હજ કે ઝિયારત વિશે સમજૂતિ ન હતી, કેમ કે, મારો ઈરાદો આ બે વિષયોને અલગ અલગ લખવાનો હતો.

જયારે ''ઉમરહ કેવી રીતે કરવો''નું પ્રકાશન ચાલુ હતું ત્યારે ઈબ્ને અદી એ નલક કરેલ હદીષ, ''ખરેખર, જેણે હજ અદા કરી અને મારી ઝિયારત ન કરી તેણે મને અન્યાય કર્યો'' એ વારંવાર મારા ધ્યાનમાં આવી અને હું બેચેન થયો. જેથી મેં મક્કમ ઈરાદો કર્યો કે, પવિત્ર રમઝાન મહિનામાં ઝિયારત વિશે પુસ્તિકા લખવાની શરૂઆત કરવી.

પરંતુ, ''ઉમરહ કેવી રીતે કરવો'' પુસ્તિકા છેવટે મારા હાથમાં આવી ત્યારે મેં મારી જાતને વારંવાર આ પ્રશ્ન પૂછયો, જો તું આ કામ પૂરૂં નહીં કરે તો પ્યારા રસૂલ ﷺ સમક્ષ શી રીતે ઊભો રહીશ ? આમ, આજે ૨૯મી શાબાન, રમઝાન અગાઉની છેલ્લી જૂમ્આએ અસર પછી અલ્લાહ ﷻ ના નામ સાથે મેં શરૂઆત કરી.

હું ઝિયારત વિશે તમામ ઝરૂરી માહિતી તથા તેની કમશઃ પધ્ધતિ સરળ ભાષામાં સ્પષ્ટ કરવા પ્રયાસ કરીશ. અલ્લાહ ﷻ એની મહેરબાનીથી આને પૂર્ણતા સુધી પહોંચાડે અને તેમાં કોઈ ભૂલ હોયે તો મને માફ કરે.

હું વાંચનારને વિનંતી કરૂં છું કે, આ નમ્ર સેવકને, એનાં મા–બાપ, ઉસ્તાદો, કુટુંબીજનો, મિત્રો તથા આ પ્રકાશન સાથે સંકળાયેલા તમામને દુઆમાં સામેલ કરે, અને રોઝા મુબારક પર તેમના તરફથી સલામ પેશ કરે.

(હઝરત મૌલાના) મુહમ્મદ સલીમ ધોરાત (સાહેબ હફિઝહુલ્લાહ)

અગત્યનાં સૂચનો

૧ શરૂઆતમાં જ ભારપૂર્વક સ્પષ્ટ કરીએ કે, ઝિયારત કરવા માટે શુધ્ધ નિય્યત હોવી જોઈએ કેમ કે, બધા અમલો નિય્યત પર આધાર રાખે છે. પયગમ્બરે ﷺ ફરમાવ્યું :

'અમલોનો બદલો નિય્યત પર આધારિત છે.' (બુખારી)

નિય્યત ફકત અલ્લાહ ﷻ ને જ રાજી કરવાની, સર્જનહાર અલ્લાહ ﷻ થી જ બદલાની આશાની, અલ્લાહે ﷻ આપણા નબીﷺ દ્વારા જેનું વચન આપ્યું છે તેમાં ઉમ્મીદ રાખી આપે બતાવેલ તરીકા પ્રમાણે અમલ કરવાની હોવી જોઈએ. આ વાત હમેશાં ધ્યાનમાં રહે.

૨ તમારા મનમાં એવો વિચાર સુધ્ધાં ન લાવો કે, તમે હોલીડે કરવા જઈ રહ્યા છો. ના, રસૂલ ﷺ ના મુબારક શહેર મદીના મુનવ્વરહ જઈ રહ્યા છો. આ તે શહેર છે જેને અલ્લાહે ﷻ તેના રસૂલ ﷺ માટે પસંદ કર્યુ અને જયાં તેઓ સલામતી માટે હિજરત કરવાના હતા. આ શહેરમાં અલ્લાહે ﷻ આપને મુસ્લિમ માટેનાં ઝરૂરી કામો બતલાવ્યાં. આપે દીનની સુન્નતોની ઓળખ કરાવી અને અહીંથી જ આપે દુશ્મનો સામે સંઘર્ષ કર્યો. આ સ્થળે આપના ઘર્મનો વિજય થયો અને આપ અહીં અંતીમ શ્વાસ સુધી કોશિશ કરતા રહ્યા.

અહીં આપ અને આપના બે ખલીફાઓ દફન છે. અહીં ડગલે અને પગલે દરેક સ્થળે આપના કદમ મુબારક પડેલા છે.

૩ પવિત્ર સ્થળોની તમારી મુલાકાત બાબતે યાદ રાખો કે, અલ્લાહﷻ બધાને આ મુબારક મોકાથી નવાજતો નથી. સમય અને પૈસા ખર્ચી જો કોઈ ફાયદો અને સવાબ ન મેળવીએ તો એ કમનસીબી ગણાય. એવીજ રીતે, શેતાન અને નફ્સ (નીચ વૃત્તિઓ) નુકસાન અને બરબાદી લાવે છે. એટલે તેમના ધોખા અને ચાલાકીઓથી સચેત રહો.

૪ ઝિયારત માટે રવાના થવા પહેલાં આ પુસ્તિકા વાંચી જાવ. તમારા વિસ્તારના આલીમ (વિદ્વાન)ની મદદથી જે સમજમાં ન આવે તેની સમજણ મેળવો. આમ તમે આ પુસ્તિકામાં બતાવેલ માહિતી પર સરળતાથી અમલ કરી શકશો.

૫ તમારે દિનની બાબતે કે ઝિયારત વિશે કોઈ પ્રશ્ન હોય તો આલીમ કે દિનના જાણકારને પૂછો અને તેમનાથી માર્ગદર્શન મેળવો.

ઝિયારત

ઝિયારત શું છે ?

ઝિયારત એટલે પોતાની જાતને રસૂલ્લાહ ﷺ ના પવિત્ર દરબારમાં હાજર કરવી (અર્થાત, મદીના મુનવ્વરહમાં નબી ﷺ ના રોઝાની મુલાકાત લેવી). આ મહાન આશીર્વાદ અને ખુશનસીબી છે. આ દીનદારીનો અમલ છે. ઈબાદતનો તરીકો છે, રૂહાની તરક્કી પ્રાપ્ત કરવાનો સફળ માર્ગ અને સ્વીકાર્ય મધ્યસ્થી–શફાઅત માટે ઝરીયો છે. રસૂલુલ્લાહ ﷺ ના ઉમ્મત પર અસંખ્ય એહસાનો છે તથા મૃત્યુ પછી નબી ﷺ તરફ આપણી આશા ઉમ્મીદ છે, એ દષ્ટિએ સાધનસામગ્રી હોવા છતાં ઝિયારત ન કરવી એ કમનસીબી છે. ઝિયારતની મહાન ફઝીલત ગુમાવી બહાનાં બતાવવાં એ ગફલત અને લાપરવાહી છે.

ઝિયારતની ફઝીલત – સુફળ

૧ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ﷺ ની રિવાયત છે : ‘‘અલ્લાહના રસૂલે ﷺ ફરમાવ્યું : જે કોઈ મારા રોઝાની મુલાકાત લે તેના માટે મારી શફાઅત (મધ્યસ્થી) ચોક્કસ બને છે.’’

૨ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ﷺ થી રિવાયત છે કે : ‘‘અલ્લાહના રસૂલે ﷺ કહ્યું. ‘જે કોઈ બીજા કોઈ મકસદ વગર મારી મુલાકાત કરે તેનો મારા પર હક છે કે હું તેના વતી શિફારીશ કરૂં.’’’

૩ હાતિબ ﷺ થી રિવાયત છે, તેઓ કહે છે : ‘‘અલ્લાહના રસૂલે ﷺ કહ્યું : ‘જે કોઈ મારી વફાત પછી મારી મુલાકાત લે તે એના જેવો છે જેણે મારી જિંદગી દરમિયાન મારી મુલાકાત લીધી અને જે બન્ને હરમમાંથી કોઈ એકમાં મૃત્યુ પામે તે કિયામતના દિવસે સલામતી પામેલાઓમાંથી હશે.’’’

૪ અબ્દુલ્લાહ ઈબ્ન ઉમર ﷺ થી રીવાયત છે : ''જેણે હજ અદા કરી અને પછી મારા અવસાન બાદ મારા રોઝાની મુલાકાત લીધી તે મારા જીવનકાળ દરમિયાન જેણે મારી મુલાકાત કરી તેના જેવો છે.''

૫ ખત્તાબના કુટુંબની વ્યકિતથી રિવાયત છે કે, અલ્લાહના રસૂલે ﷺ કહ્યું : ''જે કોઈ ફકત મારી મુલાકાત માટે સફર કરે છે તે કિયામતના દિવસે મારા પાડોશી હશે.''

૬ ઈબ્ને અબ્બાસ ﷺ થી રિવાયત છે, ''અલ્લાહના રસૂલે ﷺ કહ્યું: 'જેણે મક્કામાં હજ કરી, અને પછી માત્ર મારી મસ્જિદમાં મારી મુલાકાત કરવા મદીના આવે, તેના માટે બે મકબૂલ હજ (નો સવાબ) લખાશે''

ઝિયારત ક્યારે કરવી

હજ પહેલાં કે પછી ઝિયારત કરવાની છૂટ છે. પરંતુ, નીચેની રીત પ્રમાણે કરવું અફઝલ છે :

(ક) જો ફર્ઝ હજ અદા કરતા હોય તો હજ પૂરી કર્યા પછી ઝિયારત કરવી.

(ખ) નફલ હજ હોય તો હજ પહેલાં કે હજ પછી ઝિયારત કરી શકાય.

(ગ) જો મદીના મુનવ્વરહ મક્કાના માર્ગે જતાં વચ્ચે આવે તો મક્કા જતાં પહેલાં ઝિયારત કરવી.

(ઘ) ઉમરહ કરનારથી ઝિયારત ઉમરહ પહેલાં કે ઉમરહ પછી કરી શકાય.

નિય્યત (આશય)

મદીના મુન્નવરહ જવા મુસાફરી શરૂ કરો ત્યારે રોઝા મુબારક અને મસ્જિદે નબવીની મુલાકાતની નિય્યત હોવી જોઈએ.

મદીના મુનવ્વરહને માર્ગે

૧ આ મુસાફરી દરમિયાન કોઈ સુન્નત પ્રત્યે ગાફિલ ન રહો, ભલે મુસાફરીમાં સુન્નત અમલો સામાન્ય રીતે ઓછા મહત્વના ગણાય.

૨ દુરૂદ શરીફ (રસૂલ ﷺ પર સલામ) પઢવાની ખૂબ કોશિશ કરો. પુષ્કળ પ્રમાણમાં દિલપૂર્વક અને યકીન સાથે પઢો. દુરૂદ શરીફ જેટલું વધું પઢો એટલું સારૂં. ફરજોની અદાયગી અને જીવનજરૂરિયાત સિવાયના સમયે દુરૂદ શરીફ પઢતા રહો. આ પ્રવાસ દરમિયાન સૌથી અફઝલ અમલ દુરૂદ શરીફ પઢવાનો છે.

૩ ઉમ્મીદ અને ઉમંગ સાથે મુસાફરી કરો અને જેમ મદીના નજીક આવે તેમ ઝંખના વધારતા રહો. ઉત્સાહ વધારવા હુઝુર ﷺ ની શાન અને વખાણમાં નાત, નઝમ પઢો. રસૂલ ﷺ ની જીવનકથા મળે તો વાંચો અને સાથીઓને વાંચી સંભળાવો. જેથી રસૂલુલ્લાહ ﷺ ના જીવન વિશે ચર્ચા થાય અને ધ્યાન આપના તરફ રહે, એટલી હદે કે જયારે મદીનામાં દાખલ થાવાનો સમય આવે ત્યારે આતુરતા વધી જાય.

૪ મદીના નજીક આવતા ઉમંગ, ઉત્સાહ ચરમસીમાએ પહોંચવો જોઈએ. દુરૂદ શરીફનું પઢવું બરાબર જારી રહે.

૫ છેવટે, નજર મદીનાના ઝાડ અને મકાનો પર પડશે. શકય હોય તો વાહનમાંથી ઊતરી ઉઘાડા પગે શહેર તરફ જાઓ, એવી હાલતમાં કે આંખેથી લગાતાર આંસુ વહેતા હોય અને હોઠે દુરૂદ શરીફ જારી હોય.

૬ જયારે મદીનાનો પ્રવેશ આવે ત્યારે દુરૂદ શરીફ સાથે આ દુઆ પઢો :

اَللّٰهُمَّ هٰذَا حَرَمُ نَبِيِّكَ فَاجْعَلْهُ لِي وِقَايَةً مِّنَ النَّارِ وَاَمَانًا
مِّنَ الْعَذَابِ وَسُوْءِ الْحِسَابِ ۔

અલ્લાહુમ્મ હાઝા હરમુ નબીય્યિક, ફજ્અલ્હુ લિ વિકાયતમ્ મિનન્નારિ, વ અમાનમ્ મિનલ્ અઝાબે વ સૂઈલ્ હિસાબ .

‘‘હે અલ્લાહ, ખરેખર આ તારા નબી ﷺ નું મુકદસ મકામ છે. એને મારા માટે (જહન્નમની) આગથી હિફાઝત અને સજા તથા બૂરા હિસાબથી સલામતીવાળો બનાવ’’

૭ વિનમ્રતા અને આજીઝી સાથે મદીનામાં પ્રવેશો.

જયારે મસ્જિદનો લીલો ગુંબજ દેખાય ત્યારે ધ્યાન કરો કે એની નીચે જગતની સૌથી મહાન હસ્તી દફન છે, જેમનો દરજો ફરિશ્તાઓથી પણ બુલન્દ છે. આ જગ્યા પૃથ્વીના કોઈપણ ભાગ કે અંશ કરતાં વધુ ગૌરવવંત છે અને આપના મુબારક જીસ્મની સાથે લાગેલી જગા જન્નત અને પૃથ્વી પરના અન્ય કોઈપણ સ્થળ કરતાં વધુ મુઅઝઝ છે.

મદીના મુનવ્વરહમાં

૧ પવિત્ર મદીના શહેરમાં પ્રવેશ પછી, રહેઠાણની વ્યવસ્થા ગોઠવી સીધા મસ્જિદે જાઓ.

૨ મસ્જિદે જતાં પહેલા ગુસ્લ કરી ચોખ્ખા થાઓ. જો ગુસ્લ ન કરી શકો તો વુઝુ કરો.

૩ સારો પોશાક પહેરો. પુરૂષો અત્તર પણ લગાડે. ગેર–ઈસ્લામી પોશાક ન પહેરો.

૪ સમ્પૂર્ણ નમ્રતા અને આજીઝી સાથે, પણ અદબપૂર્વક મસ્જિદે નબવી તરફ જાઓ.

૫ રસ્તે પુષ્કળ પ્રમાણમાં દુરૂદ શરીફ પઢો અને ગરીબને ખેરાત આપો.



સ્તંભોની નિશાની

૧ મુખલ્લક (હન્નાનહ) સ્તંભ
૨ સરીર સ્તંભ
૩ અબુ લુબાબહ (તૌબા) સ્તંભ
૪ આયેશા ﷺ સ્તંભ
૫ અલી ﷺ સ્તંભ
૬ વુફૂદ સ્તંભ
૭ તહજ્જુદ સ્તંભ
――――――――― રોઝા

મસ્જિદે નબવીમાં પ્રવેશ

૧ સમ્પૂર્ણ નમ્રતા, અદબ અને આ સ્થળની પવિત્રતાના ખ્યાલ સાથે મસ્જિદમાં દાખલ થાઓ.

૨ ઈચ્છો તે દરવાજેથી પ્રવેશો. પરન્તુ, બાબે જિબ્રઈલ નામક દરવાજેથી દાખલ થવાની ફઝીલત છે.

૩ પ્રથમ જમણો પગ અંદર મૂકી આ દુઆ પઢો :

بِسْمِ اللّٰهِ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى رَسُوْلِ اللّٰهِ ، اَللّٰهُمَّ افْتَحْ لِيْ اَبْوَابَ رَحْمَتِكَ ،

બિસ્મીલ્લાહિ વસ્સલાતુ વસ્સલામુ અલા રસૂલલ્લાહ, અલ્લાહુમ્મફતહ લિ અબ્વાબ રહ્મતિક.

અલ્લાહના નામ સાથે. અલ્લાહના રસૂલ ﷺ પર (અલ્લાહની) શાન્તિ અને સલામ. હે અલ્લાહ, મારા માટે તારી મહેરબાનીના દરવાજા ખોલી દે.

૪ સીધા મસ્જિદે નબવીના તે ભાગ તરફ જાવ જે કબર મુબારક અને મિમ્બરની વચ્ચે છે. આ રોઝા કહેવાય છે કેમ કે, નબી ﷺ એ કહ્યું : ‘‘મારી કબર અને મારા મિમ્બરની વચ્ચે જન્નતના બાગો (રોઝા)માં નો એક બાગ છે.

બે રકાત તહિય્યતુલ મસ્જિદ (મસ્જિદમાં પ્રવેશ કર્યાની નમાઝ) પઢો. પહેલી રકાતમાં **કુલ યા અય્યુહલ કાફિરૂન** અને બીજી રકાતમાં **કુલ હુવલ્લાહુ અહદ** પઢો.

નોંધ : ઓરતો રોઝા સ્થળે નહીં જઈ શકે. તેમણે ઓરતો માટે મસ્જિદમાં મુકરર કરેલી જગ્યામાં જઈ આ અમલ કરવો. પુરૂષો માટે પણ બે રકાત રોઝા સ્થળે જ પઢવી ફરજિયાત નથી. પરન્તુ એમાં વધુ ફઝીલત છે.

નોંધ : ઓરતોને મુકરર વખત સિવાય કબર મુબારક પર જવાની છૂટ નથી. તેઓ બૂમાબૂમ કરતી કબર મુબારક તરફ દોડે છે, અને ધક્કામુક્કીમાં એકમેકને ઈજા પહોંચાડે છે. આ મુબારક જગાની શાન અને અઝમતના વિરૂધ્ધનું વર્તન છે. નમ્રતાથી જગ્યાની પવિત્રતા ધ્યાનમાં રાખી ચાલો. તમને જયાં જગ્યા મળે ત્યાંથી રસૂલુલ્લાહ ﷺ અને આપના સાથીઓ પર સલામ મોકલો (પેજ ૧૭ જુઓ) ઈબાદત, ઝિક્ર, કુર્આનની તિલાવત કરો અને દુરૂદ શરીફ પઢો તથા દુઆ માંગો. પવિત્ર જગાની બેઅદબી કરીને આગળ પહોંચનાર કરતાં અલ્લાહ ﷻ તમને વધુ કબૂલ કરશે અને તમને વધારે રઝામંદીથી નવાજશે.

૫ બે રકાત અદા કર્યા પછી અલ્લાહ ﷻ નો આભાર માનો જેણે તમને આ મુબારક શહેરમાં લાવી તમારા ઉપર મહાન ઉપકાર કર્યો. તે હજ / ઉમરહ અને ઝિયારતને સ્વીકારે, કબૂલ કરે એવી દુઆ કરો. અને આજીજીપૂર્વક બીજી જરૂરિયાતો પણ માંગો.

૬ હવે બીજી બે રકાત સલાતુશ્શુકર (અલ્લાહ ﷻ નો શુક્રિયહ અદા કરવા માટેની નમાઝ) પઢો, અથવા ફકત શુક્રનો સજદહ (અલ્લાહ ﷻ સામે શુક્રીયાના માથું ટેકવવું) અલ્લાહે ﷻ તમને ઝિયારતનો મોકો નસીબ કર્યો. તેના શુક્રીયહમાં આ અદા કરવાનું છે.

૧ મસ્અલહ : મસ્જિદમાં પ્રવેશ સમયે ફર્ઝ નમાઝની તૈયારી હોય કે શરૂ થઈ હોય અથવા તમારી ફર્ઝ નમાઝ કઝા થવાનો અંદેશો હોય તો તહિય્યતુલ મસ્જિદ ન પઢો. ફર્ઝ નમાઝ પઢો જેમાં તહિય્યતુલ મસ્જિદ દાખલ થઈ જશે.

૨ મસ્અલહ : તમે એવા સમયે દાખલ થાવ કે જયારે નફલ નમાજ પઢવાનું મકરૂહ (અનિચ્છનીય) હોય, (દાખલા તરીકે અસર પછી) તો તહિય્યતુલ મસ્જિદ ન પઢો.

૩ મસ્અલહ : જયારે કોઈ પણ મસ્જિદમાં દાખલ થાવ ત્યારે એતિકાફની નિય્યત કરો (માત્ર અલ્લાહ ﷻ ની ઈબાદત કરવાના હેતુથી મસ્જિદમાં એકાંતવાસ)

૪ મસ્અલહ : મસ્જિદની અંદર નમ્રતા અને અદબ રાખો. મસ્જિદની અંદરની સજાવટથી ધ્યાન દૂર રાખો.

૫ મસ્અલહ : મસ્જિદમાં મિમ્બર, દીવાલો, દરવાજા કે થાંભલાઓને ચૂમો નહીં. મસ્જિદની કોઈ ચીજ ફરતે તવાફ ન કરો. રસૂલ ﷺ ની કબર સામે ઝૂકી નમન ન કરો. એ તરફ કબર મુબારક છે એવા હેતુથી તે દિશામાં મોં રાખી નમાઝ ન પઢો.

કબર મુબારક નઝદીક

૧ રોઝા સ્થળે નમાઝ અદા કરી પૂરૂં ધ્યાન રસૂલ ﷺ ની બુલંદ હસ્તી પર રાખીને પવિત્ર કબર તરફ ચાલો. મનમાં એવો ભાવ રાખો કે બુલંદ, ઊંચી હસ્તીની સામે હાજર થવાનું છે. આપનો ઉચ્ચ દરજજો, મરતબો, મહાત્મ્ય દિલમાં રહે અને હોઠ ઉપર દુરૂદ શરીફ જારી હોય.

નોંધ : યાદ રાખો કે, રસૂલુલ્લાહ ﷺ ની કબર મુબારક સામે ઊભા હોય ત્યાં સોનાની જાળી વાળી ત્રણ આડ છે. આ ત્રણેવ જાળીમાં ગોળ કાણાં છે. ઘણા લોકોની એવી ગેરસમજ છે કે, રસૂલલ્લાહ ﷺ પ્રથમ આડમાં આરામ ફરમાવે છે, અબુ બક્ર ؓ બીજીમાં અને ઉમર ؓ ત્રીજીમાં. આવું નથી. આ ત્રણેવ વચલી આડશમાં છે. વચલી આડશમાં ત્રણ ગોળ કાણાં છે, જયારે તમારી ડાબેની આડશમાં બે અને જમણી તરફની આડશમાં પણ બે. વચલી આડશનું પ્રથમ કાણું (જે સૌથી મોટું છે) રસૂલુલ્લાહ ﷺ ના ચહેરા મુકારકની બરાબર સામે છે. સહેજ જમણે બીજું કાણું છે (વચલી આડશમાં) જે અબુ બક્ર ؓ ના ચહેરા સામે છે. એ પ્રમાણે, આ આડશના ત્રીજા કાણા સામે હઝરત ઉમર ؓ નો ચહેરો છે.

૨ સોનેરી જાળીથી ત્રણ ચાર ડગલાં દૂર કબર મુબારક તરફ મોં અને કિબલા તરફ પૂંઠ રાખી ઊભા રહો અને સહેજ ડાબી બાજુ ફરો તો તમારી બરાબર સામે પવિત્ર ચહેરો હશે. આમતેમ ન જુઓ. કબર મુબારકની તદ્દન નજીક ઊભા ન રહો. જાળીનો સ્પર્શ ન કરો. જાળીને ચૂમો નહીં તથા સજદો ન કરો. શાન્ત ઊભા રહી ધ્યાનમાં રાખો કે, હવે તમે અલ્લાહના રસૂલ ﷺ સામે ઊભા છો, આપ ﷺ તમારી હાજરીથી બાખબર છે, તમારા તરફ નજર છે, અને તમે જે કહેશો તે સાંભળવાના છે.

૩ હવે સલામ પઢો (રસૂલ ﷺ પર શાન્તિ, સલામતી) મધ્યમ અવાજે, ખૂબ મોટેથી નહીં તેમ તદ્દન ધીમેથી પણ નહીં :

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ ۔
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِيَّ اللّٰهِ ۔
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَا حَبِيْبَ اللّٰهِ ۔
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَا خَاتَمَ الْاَنْبِيَاءِ ۔
اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ ۔ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ
اِلَّا اللّٰهُ وَاَنَّكَ عَبْدُهٗ وَرَسُوْلُهٗ ۔

અસ્સલાતુ વસ્સલામુ અલયક યા રસૂલલ્લાહ

અસ્સલાતુ વસ્સલામુ અલયક યા નબીયલ્લાહ

અસ્સલાતુ વસ્સલામુ અલયક યા હબીબલ્લાહ

અસ્સલાતુ વસ્સલામુ અલયક યા ખાતમલ અમ્બીયા

અસ્સલામુ અલયક અય્યુહન નબીય્યુ વ રહમતુલ્લાહિ વ બરકાતુહુ

અશ્હદુ અલ્લા ઈલાહ ઈલ્લલ્લાહુ વ અન્નક અબ્દુહુ વ રસૂલુહ.

શાન્તિ અને સલામ આપના ઉપર

યા અલ્લાહના રસૂલ.

શાન્તિ અને સલામ આપના ઉપર

યા અલ્લાહના નબી.

શાન્તિ અને સલામ આપના ઉપર

યા અલ્લાહના પ્યારા.

શાન્તિ અને સલામ આપના ઉપર

યા અંતિમ નબી.

આપના ઉપર શાન્તિ યા નબી અને અલ્લાહની દયા અને મહેરબાની, હું ગવાહી આપું છું કે, અલ્લાહના સિવાય કોઈ મઅબુદ નથી, અને હું ગવાહી આપું છું કે આપ તેના બંદા અને રસૂલ છો.

નોંધ : ઉપરોકત શબ્દોમાં જ સલામ પઢવાનું ફરજિયાત નથી. તમે ઈચ્છો તેવા બીજા શબ્દોમાં પણ સલામ પેશ કરી શકો અથવા આમાં બીજા શબ્દો ઉમેરી શકો, અલબત્ત એ શબ્દો માન અને આદરના હોવા જોઈએ. ઓછામાં ઓછું અસ્સલામુ અલયક યા રસૂલલ્લાહ – ''આપના પર શાન્તિ, હે અલ્લાહના રસૂલ'' બોલવું આવશ્યક છે.

શૈખુલ હદીષ હઝરત મૌલાના ઝકરિય્યા ﷬ હજના ફઝાઈલમાં લખે છેઃ ''મને અંગત રીતે લાગે છે કે, પવિત્ર કબરની ઝિયારત કરનારને સમ્પૂર્ણ નમ્રતા સાથે દરેક મુલાકાત વખતે સિત્તેર વાર આ પઢવું :

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ ؕ

અસ્સલાતુ વસ્સલામુ અલયક યા રસૂલલ્લાહ
શાન્તિ અને સલામ આપના ઉપર
હે અલ્લાહના રસૂલ.
રિવાજી રીતે સમજયા વગર પોપટની જેમ કઈંક સતત પઢતા રહેવું તેના કરતાં આ બહેતર છે.''

૪ સલામ પછી, અલ્લાહ ﷻ પાસે રસૂલલ્લાહ ﷺ ના વસીલા (માધ્યમ)થી દુઆ માંગો કે તે તમને માફ કરે, અને નબી ﷺ ની બરકતથી તમારી ઈચ્છાઓ પૂરી કરે.

રસૂલલ્લાહ ﷺ ની શફાઅત (મધ્યસ્થી) પણ માંગો કહો : યા અલ્લાહ, તારૂં વચન સાચું છે અને તેં કહ્યું છે :

وَلَوْ أَنَّهُمْ إِذ ظَّلَمُوٓا۟ أَنفُسَهُمْ جَآءُوكَ فَٱسْتَغْفَرُوا۟ ٱللَّهَ وَٱسْتَغْفَرَ
لَهُمُ ٱلرَّسُولُ لَوَجَدُوا۟ ٱللَّهَ تَوَّابًا رَّحِيمًا

‘અને (હે મુહમ્મદ ﷺ) જયારે તેઓએ પોતાની જાતને અન્યાય કર્યો પછી તમારી પાસે આવી અલ્લાહથી માફી માંગે, અને રસૂલ ﷺ એમના માટે માફીની અરજ કરે તો નિશ્ચિત તેઓ અલ્લાહને માફ કરવાવાળો, પામશે,’
અને હવે હું (હે રસૂલ ﷺ) આપની પાસે મારા ગુન્હાઓની (અલ્લાહ પાસે) માફી માંગવા, આપની મારા વતી અલ્લાહની હુજુરમાં શફાઅત ચાહવા આવ્યો છું, અને હે અલ્લાહ, હું તારી પાસે આ માંગુ છું, અને મને એવી માફી આપ જે રીતે રસૂલ ﷺ ના જીવનકાળ દરમિયાન જે એમની સામે ગયેલા તેમને તેં બક્ષેલી.

હે અલ્લાહના રસૂલ ﷺ, હું આપની શફાઅત માંગુ છું, અને આપના વસીલા (માધ્યમ) થી અલ્લાહને ચાહું છું કે હું મુસ્લિમ (અટલપણે) તરીકે આપના દીન અને તરીકા પર મૃત્યુ પામું.

મસ્અલહ : કબર મુબારક સામે મોં રાખી ઉપરોકત દુઆ માંગો ત્યારે હાથ ન ઊઠાવો.

૫ તમારી સલામ પેશ કર્યા પછી, તમને જેમણે સલામ પહોંચાડવા કહ્યું હોય તેમના વતી નીચે મુજબ સલામ પેશ કરો :

આપના ઉપર સલામ હે અલ્લાહના રસૂલ .... તરફથી. આપ એમના વતી અલ્લાહ સમક્ષ શફાઅત તલબ કરો એવી એમની તમન્ના છે.

મસ્અલહ : જો ઘણા લોકોએ તમને સલામ પહોંચાડવા કહ્યું હોય અને બધાંનાં નામો યાદ ન હોય તો કહો :

આપના ઉપર સલામ હે અલ્લાહના રસૂલ, તે સૌના તરફથી જેમણે મને સલામ પહોંચાડવા કહ્યું હતું. આપ એ બધા વતી અલ્લાહ સમક્ષ શફાઅત – મધ્યસ્થી કરો એવી એમની તમન્ના છે.

મસ્અલહ : જો વ્યકિત કે સમૂહની સલામ અરબીમાં પહોંચાડવામાં મુશ્કેલ હોય તો, તમારી પોતાની ભાષામાં પેશ કરો.

નોંધ : આ લેખક અને અનુવાદક આપને નમ્ર વિનંતી કરે છે કે તેમના વતી કબર મુબારક પર સલામ પહોંચાડશો : ''હે અલ્લાહના રસૂલ આપ પર સલામ **મુહમ્મદ સલીમ ઈબ્રાહીમ ધોરાત** તરફથી તથા **આદમ ઘોડીવાલા** તરફથી. તેઓ એમના વતી અલ્લાહ સમક્ષ આપની શફાઅત ચાહે છે.''

૬ હવે જમણી તરફ બે ડગલાં ખસી હઝરત અબુ બક્ર ؓને સલામ પેશ કરો

اَلسَّلَامُ عَلَيْكَ يَا خَلِيْفَةَ رَسُوْلِ اللّٰهِ ،
جَزَاكَ اللّٰهُ عَنْ اُمَّةِ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ،

અસ્લામુ અલયક યા ખલીફત રસૂલિલ્લાહ.
જઝાકલ્લાહુ અન્ ઉમ્મતી મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

આપના ઉપર સલામ હે રસૂલુલ્લાહ ﷺ ના ખલીફા.
મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ઉમ્મત વતી અલ્લાહ આપને સારો બદલો આપે.

૭ તે પછી જમણી તરફ વધુ એક ડગલું ખસી હઝરત ઉમર ؓ ને સલામ પેશ કરો.

اَلسَّلَامُ عَلَيْكَ يَا اَمِيْرَ الْمُؤْمِنِيْنَ ، جَزَاكَ اللّٰهُ عَنْ اُمَّةِ مُحَمَّدٍ
صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ،

અસ્સલામુ અલયક યા અમીરલ મુઅ્મિનીન. જઝાકલ્લાહુ અન્ ઉમ્મતી મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

આપના ઉપર સલામ હે મુઅ્મિનોના અમીર. મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ઉમ્મત વતી અલ્લાહ આપને સારો બદલો આપે.

મસ્અલહ : તમે લાંબી વિસ્તૃત કે ટૂંકી રીતે સલામ પેશ કરી શકો છો.

૮ હવે કિબ્લા તરફ ફરો અને ધીમેથી દુઆ માંગો – તમારા પોતાના માટે, તામારાં માબાપ, કુટુંબીજનો, સગાં, મિત્રો, શુભેચ્છકો, ઉસ્તાદો અને નબી ﷺ ની પૂરી ઉમ્મત માટે. યાદ રહે તો, આ લખનારને પણ આપની દુઆમાં શામેલ કરવા વિનંતી.

મસ્અલહ : દુઆ માત્ર અલ્લાહ ﷻ થી જ માંગવામાં આવે. કોઈ પયગમ્બર, વલી, બુઝુર્ગ આપણી મુરાદો, ઈચ્છાઓ પૂરી કરી શકે નહીં.

સલામ પછી

૧ દુઆ પૂરી કરી ઉસ્તુવાન એ અબુ લુબાબા ﷺ જાઓ. બે રકાત નફલ પઢી દુઆ માંગો.

૨ તે પછી રોઝામાં ઈચ્છો એટલી નફલ નમાઝ પઢો (મકરૂહ સમયે નહીં) પુષ્કળ દુરૂદ શરીફ પઢો અને દુઆ માંગો.

૩ પછી મિમ્બર પાસે જાઓ. શકય હોય તો મિમ્બરના રૂમ્માનહ નામક ભાગ પર હાથ રાખો અને દુઆ માંગો. આ તે ભાગ છે જેના પર નબી ﷺ પોતાના હાથ મુબારક રાખતા.

૪ તે પછી ઉસ્તુવાનએ હન્નાનહ જાઓ અને નફલ નમાઝ પઢી દુઆ માંગો બીજા બધા જ થાંભલા જે મહત્વના છે (પૃષ્ઠ ૨૫ જુઓ) ત્યાં આ અમલ કરો. તે પછી તમારા ઉતારે પાછા ફરો.

મસ્અલહ : આ મુસ્તહબ (ઈચ્છનીય) અમલો છે, જયારે મુસ્લિમની ઈજજત સાચવવી એ ફર્ઝ છે. મુસ્તહબ માટે ફર્ઝને છોડી શકાય નહીં. કેટલાક ભાઈઓ ઉપરોકત અમલો કરવાના અતિ ઉત્સાહમાં આ વાત ધ્યાનમાં લેતા નથી અને અન્યોને ઈજા પહોંચાડે છે. મુસ્તહબ અમલ કરવા માટે કોઈ મુસ્લિમને તકલીફ પહોંચાડવી હરામ (પ્રતિબંધિત) છે એટલે એ વિસ્તારમાં સખત ભીડ હોય તો કોઈની સાથે ખરાબ વર્તાવ ન કરો, કે કોઈને તકલીફ ન પહોંચાડો પરન્તુ ધીરજ રાખી થોભો અથવા પછીથી ભીડ ન હોય એવા બીજા સમયે આ અમલો કરો.

સ્તંભો

મસ્જિદે નબવીમાં કેટલાક ઐતિહાસિક થાંભલા છે જેમનું વિશેષ મહત્વ છે.

મુલ્લા અલી કારી ﷺ લખે છે : ‘‘મસ્જિદના ફજીલતવાળા, બરકતવાળા સ્તંભોની મદીના આવનારે મુલાકાત લેવી જોઈએ. આ જગાઓએ નફલ નમાઝ પઢી દુઆ માંગવી જોઈએ. આ તે વિસ્તાર છે જે રસૂલુલ્લાહ ﷺ ના સમયમાં મસ્જિદ હતી. (વિસ્તરણ પહેલા). ઈમામ બુખારીએ ﷺ લખેલ છે કે, રસૂલુલ્લાહ ﷺ ના સહાબીઓ આ સ્તંભો પાસે નમાજો પઢતા હતા. આ સ્તંભોની સંખ્યા આઠ છે.

૧ ઉસ્તુવાનએ મુખલ્લક

આને ઉસ્તુવાનએ હન્નાનહ (રડતો સ્તંભ) પણ કહેવાય છે. આ સૌથી બરકતવંત સ્તંભ છે કેમ કે, આ રસૂલુલ્લાહ ﷺ નું નમાઝનું સ્થાન હતું. આ જગા પર એક ખજૂરીનું ઝાડ હતું. મિમ્બર બનવા પહેલાં, રસૂલુલ્લાહ ﷺ ખુત્બહ (ઉપદેશ) ફરમાવતી વખતે એને અઢેલતા. જયારે મિમ્બર બન્યો ત્યારે રસૂલુલ્લાહે ﷺ ખુત્બા માટે એનો ઉપયોગ શરૂ કર્યો. જયારે આ ફેરફાર થયો ત્યારે ઝાડમાંથી કરૂણ રૂદનનો એવો અવાજ સંભળાયો કે જેનો પડઘો આખી મસ્જિદમાં પડયો, અને મસ્જિદમાં જે હાજર હતા તે સૌ રડવા લાગ્યા.

રસૂલુલ્લાહ ﷺ ઝાડ પાસે ગયા અને તેના પર હાથ મુબારક મૂકયો પછી રૂદન બંધ થયું. રસૂલુલ્લાહે ﷺ કહ્યું : ‘‘ઝાડ રડે છે કારણ કે, અલ્લાહનો ઝિક્ર તેની નજીક થતો હતો, હવે મિમ્બર થવાથી તેની પાસે થતા ઝિક્રથી તે મહરૂમ થયું. જો મેં તેના પર હાથ ના મૂકયો હોત તો તે કયામત સુધી રૂદન કરતું રહેત.’’

તે પછી ઝાડ સુકાઈ ગયું અને દફનાવી દેવાયું. બીજી હદીષ અનુસાર, જયારે મિમ્બર તૈયાર થયું અને રસૂલુલ્લાહ ﷺ પ્રથમ વાર ત્યાં ગયા ત્યારે ઝાડ એટલા જોરથી રડયું કે લગભગ ફાટી પડયું. રસૂલુલ્લાહે ﷺ મિમ્બર પરથી ઊતરી ત્યાં જઈ ઝાડ પર હાથ મૂકયો અને ધીરેધીરે રૂદન બંધ થયું, જે રીતે રડતું બાળક આશ્વાસનથી શાન્ત થાય છે. (બુખારી)

આ કારણે એને ઉસ્તુવાનએ હન્નાનહ કહે છે. હન્નાનહ શબ્દ રડતા ઊંટ માટે વપરાય છે. મુખલ્લક એટલે એવો થાંભલો જેમાં મિશ્રાણ કરેલ સુગંધ ભરી હોય.

૨. ઉસ્તુવાનએ આયેશા رضي الله عنها

આ ઉસ્તુવાનએ મુહાજિરીન પણ કહેવાય છે, કેમ કે શરૂઆતમાં મુહાજિરો આ સ્થળે બેસતા. રસૂલુલ્લાહ ﷺ આ જગ્યાએ નમાઝ પઢતા હતા અને પછી થી ઉસ્તુવાનએ મુખલ્લક પાસે પઢતા થયા.

આને ઉસ્તુવાનએ કુર્આ પણ કહે છે. કારણ કે, આયેશા ﷺ થી રિવાયત છે કે રસૂલુલ્લાહે ﷺ કહ્યું : ''આ મસ્જિદમાં એક એવું સ્થળ છે કે લોકો જો તેની બરકતનું સાચું સ્વરૂપ જાણે તો તેઓ એના તરફ એ રીતે ધસે કે ત્યાં નમાઝ પઢવા માટે તેમને ચિઠ્ઠીઓ (કુર્આ) નાંખવી પડે''.

લોકોએ આપને તે ચોક્કસ સ્થળ બતાવવા વિનંતી કરી, પણ આપે ના પાડી. પછીથી અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર ﷺ ના આગ્રહથી આપે આ જગા બતાવી. તેથી એ ઉસ્તુવાનએ આયેશા કહેવાય છે, કેમકે હદીષ આપે બયાન કરી અને ચોક્કસ જગા પણ આપે બતાવી. હકીકતમાં હઝરત અબુબક્ર ﷺ અને હઝરત ઉમર ﷺ ઘણીવાર અહીં નમાઝ પઢતા.

3 ઉસ્તુવાનએ તૌબા

આ ઉસ્તુવાનએ અબુ લુબાબા તરીકે પણ ઓળખાય છે. અબુ લુબાબા ﷺ જાણીતા સહાબી હતા. બનુ કુરૈઝા સામેના યુધ્ધમાં મુસ્લિમોએ તેમને ઘેરો ઘાલેલો ત્યારે તેઓ અધીરા થયા અને પરિણામે પોતાના હથિયાર હેઠાં મૂકયા હતાં. ઈસ્લામ કબૂલ્યો તે અગાઉ હઝરત અબુ લુબાબા ﷺનો બનુ કુરૈઝાના યહૂદીઓ સાથે ઘણો વ્યવહાર હતો. હવે જયારે યહૂદીઓએ મુસ્લિમો સાથે દગો કર્યો, ત્યારે ઘેરાવ વખતે યહૂદીઓ તેમને મળ્યા જેથી જાણી શકે કે રસૂલુલ્લાહ ﷺ દગાખોરી માટે તેમની વિરૂધ્ધ શું કરવા માંગે છે.

જયારે તે યહૂદીઓ પાસે પહોંચ્યા ત્યારે તે બધા રડવા કકળવા લાગ્યા. અબુ લુબાબા ﵁ પર આની અસર થઈ અને તેમણે પોતાની ગરદન તરફ ઈશારો કરી સૂચવ્યું કે તેઓની કતલ થશે. આ પછી તેમને પોતાના આ અમલ માટે એટલું દુઃખ થયું કે ચેન પડયું નહીં.

તે પછી મસ્જિદે આવ્યા અને આ સ્થળે જયાં ખજૂરીનું ઝાડ હતું તેના થડ સાથે પોતાને બાંધી લીધા અને કહ્યું : ''જયાં સુધી અલ્લાહતઆલા મારી તૌબા કબૂલ નહીં કરે ત્યાં સુધી હું અહીંથી છૂટીશ નહીં. અને રસૂલુલ્લાહે ﷺ પોતે મારા બન્ધન છોડવાં.'' જયારે રસૂલુલ્લાહે ﷺ આ જાણ્યું ત્યારે કહ્યું : ''જો તે મારી પાસે આવતે તો હું તેમના વતી માફી માંગતે, હવે એમણે પોતાની મરજીથી વર્તન કર્યું, એટલે જયાં સુધી એમની તૌબા કબૂલ ન થાય ત્યાં સુધી હું એમને કઈ રીતે છૂટા કરી શકું.''

ઘણા દિવસો સુધી તે ત્યાં બંધાયેલા રહ્યા. નમાઝ અને કુદરતી હાજત સિવાય. એ સમયે તેમના પત્ની અને પુત્રી તેમને છોડતાં અને ફરી ઝાડ સાથે બાંધી દેતાં. તેઓ ખોરાક પાણી વગર રહ્યા તેથી આંખ કાનને અસર થઈ. થોડા દિવસ પછી એક સવારે રસૂલુલ્લાહ ﷺ ઉમ્મે સલમા ﵁ ના ઓરડામાં તહજજુદમાં હતા અને સારા સમાચાર મળ્યા કે તેમની તૌબા સ્વીકારાઈ. સહાબાઓએ ﵁ સમાચાર એમને કહ્યા અને છોડવા ઈચ્છયું પણ એમણે ના પાડી અને કહ્યું : ''જયાં સુધી નબી ﷺ મને પોતાના મુબારક હાથે છૂટો ન કરે ત્યાં સુધી હું બીજા કોઈને છોડવા નહીં દઉ.''

જયારે રસૂલુલ્લાહ ﷺ ફજરની નમાઝ માટે તશરીફ લાવ્યા ત્યારે એમને છૂટા કર્યાં.

૪ ઉસ્તુવાનએ સરીર

'સરીર' એટલે સૂવાની જગા. રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺ આ સ્થળે એતિકાફમાં બેસતા અને અહીં સૂઈ પણ જતા. આપને સૂવા માટે લાકડાની પાટ અહીં મૂકાતી.

૫ ઉસ્તુવાનએ અલી رضي الله عنه

આ ઉસ્તુવાનએ મહ્‌રસ કે હર્સ પણ કહેવાય છે. હર્સ એટલે ચોકી કે રક્ષણ કરવું. આ સ્થળે કેટલાક સહાબા رضي الله عنه પહેરો રાખવા કે દરવાન તરીકે બેસતા. હઝરત અલી رضي الله عنه ઘણીવાર આ કાર્ય કરતા તેથી આ સ્થળ ઉસ્તુવાનએ અલી رضي الله عنه કહેવાય છે. જયારે રસૂલુલ્લાહ ﷺ હઝરત આયેશા رضي الله عنها ના ઓરડાના દરવાજેથી મસ્જિદમાં પ્રવેશ કરતા ત્યારે આ સ્થળેથી પસાર થતા.

૬ ઉસ્તુવાનએ વુફૂદ

'વુફૂદ' એટલે પ્રતિનિધિમંડળો. જયારે વિવિધ લોકજાતિનાં પ્રતિનિધિમંડળો રસૂલુલ્લાહ ﷺ પાસે આવતાં ત્યારે આ સ્થળે બેસતાં અને આપ અહીં તેમની સાથે મુલાકાત કરતા, ચર્ચા કરતા અને દીન શીખવતા.

૭ ઉસ્તુવાનએ તહજજુદ

રિવાયત મુજબ બધા લોકો વિદાય થાય તે પછી મોડી રાતે આ સ્થળે રસૂલુલ્લાહ ﷺ માટે તહજજુદ પઢવા મુસલ્લો બીછાવાતો.

૮ ઉસ્તુવાનએ જિબ્રઈલ

આ સ્થળે હઝરત જિબ્રઈલ عليه السلام રસૂલુલ્લાહ ﷺ ની મુલાકાતે આવતા. આજે તે જોઈ શકાતો નથી કેમકે એ રસૂલુલ્લાહ ﷺ ના ઓરડા મુબારકમાં છે.

આ આઠ વિશિષ્ટ સ્થળોનો ઉલમાએ ઉલ્લેખ કર્યો છે. પરન્તુ મસ્જિદનો એવો કયો હિસ્સો છે જયાં રસૂલુલ્લાહ ﷺ ના કદમ મુબારક ન પડયા હોય કે આપે તથા સહાબા رضي الله عنهم એ નમાઝ ન પઢી હોય ? હકીકતમાં મદીનાના કયા હિસ્સામાં આ મહાન પવિત્ર હસ્તીઓ નહીં ચાલી હોય ?

મદીના મુનવ્વરહમાં પ્રત્યેક પગલું ''પાક ભૂમિ પર પડેલું પગલું'' છે.

મદીના મુનવ્વરહમાં હોવ ત્યારે

૧ દરેક ફર્ઝ નમાઝ જમાઅત સાથે મસ્જિદે નબવીમાં પઢો. દુઆ, ઝિક્ર અને કુર્આનની તિલાવતમાં મશ્ગુલ રહો. કુર્આન શરીફનું એક ખતમ મસ્જિદમાં જ થાય એવો પ્રયત્ન કરો.

૨ તમામ હરામ (પ્રતિબંધિત તિરસ્કારયુકત) બાબતોથી દૂર રહો.

૩ શકય એટલો વધુ સમય મસ્જિદમાં ગાળો. મસ્જિદમાં હોવ ત્યારે એતિકાફની નિય્યત કરો. નફલ એતિકાફ ગમે તેટલા સમય માટે થઈ શકે. માત્ર એક મિનિટનો નફલ એતિકાફ પણ માન્ય ગણાય.

૪ કબર મુબારક પર શકય એટલો વખત હાજરી આપો અને અગાઉ સૂચવ્યા મુજબ સલામ પેશ કરો.

૫ મદીનામાં લોકોને સદકો આપો અને શકય એટલા રોઝા રાખો.

૬ દિલપૂર્વક અને મોહબ્બતથી દુરૂદ શરીફ પુષ્કળ પ્રમાણમાં પઢતા રહો અને કોઈ સુન્નત તરફ બેધ્યાન ન રહો.

૭ મદીના મુનવ્વરહમાં ઓછામાં ઓછા આઠ દિવસ રહો જેથી તમે મસ્જિદે નબવીમાં ચાલીસ નમાઝો પઢી શકો.

નબી ﷺ એ કહ્યું : ''જેણે મારી મસ્જિદમાં ચાલીસ નમાઝો એવી રીતે અદા કરી કે એકપણ નમાઝ ચૂકયો નહીં, તો અલ્લાહતઆલા તેના માટે આગથી છૂટકારો, અઝાબથી અને નિફાકથી છૂટકારો ફરમાવે છે.'' (મુસનદે અહમદ)

૮ તમામ ગુનાહો માટે સાચા દિલથી પસ્તાવો કરો, માફી માંગો. ભવિષ્યમાં દરેક ગુનાહથી દૂર રહેવાનો મક્કમ ઈરાદો કરો. યાદ રાખો કે, તમે આ નિર્ધાર, વાયદો અલ્લાહ ﷻ ના ઘરમાં અને રસૂલુલ્લાહ ﷺ ની હાજરીમાં કરી રહ્યા છો.

૯ મદીના મુનવ્વરહમાં મુબારક સ્થળોની મુલાકાત લો, ખાસ કરીને :

(ક) **જન્નતુલ બકી** : મદીના મુનવ્વરહના આ કબ્રસ્તાનમાં નબી ﷺ ના ઘણા સાથીઓ દફન છે. ઈમામ માલિક (રેહ.) આ સંખ્યા દસ હજારની કહે છે, જેમાં સૌથી અગ્રણી હઝરત ઉસ્માન رضي الله عنه છે.

અહીં દફન થયેલા કેટલા નસીબદાર છે. હે અલ્લાહ ﷻ મને પ્યારા રસૂલ ﷺ ના શહેરમાં શહાદતની મૌત નસીબ કર, આમીન. દરરોજ કે ઓછામાં ઓછું દર જુમ્આએ આ કબ્રસ્તાનની મુલાકાત લો. બધા મર્હૂમો માટે દુઆ અને ઈસાલે સવાબ પહોંચાડો.

(ખ) **ઉહદ પહાડ :** રસૂલ ﷺ એ કહ્યું, ''ઉહદ તે પહાડ છે જે અમને ચાહે છે, અને અમે તેને ચાહીએ છીએ.''

ઉહદના શહીદોની કબરોની પણ મુલાકાત લો. આમાં સૌથી મોટા નબી ﷺ ના કાકા હઝરત હમઝા رضي الله عنه છે.

મસ્અલહ : આ કબરોની મુલાકાત જુમ્અરાતે લેવી મુસ્તહબ છે.

(ગ) **કુબા મસ્જિદ :** શનિવારે મસ્જિદની મુલાકાત અને તેમાં નમાઝ અદા કરવાની નિય્યત સાથે મસ્જિદે કુબા જવું બહેતર છે. તિરમિઝીની નકલ કરેલ હદીષ અનુસાર, ''કુબા મસ્જિદમાં નમાઝ પઢવીએ ઉમરહ કરવા બરાબર છે.'' બીજી હદીષમાં છે કે, રસૂલુલ્લા ﷺ દર શનિવારે કુબા મસ્જિદ જતા. (બુખારી)

૧૦ મદીના મુનવ્વરહમાં તમારા નિવાસની દરેક પળની કદર કરો. યાદ રાખો ! તમને આ તક ફરી ન પણ મળે.



૧ અહ્લે બયત (રસૂલુલ્લાહ ﷺ નાં નઝદીકનાં સ્વજનો)

ક) ફાતિમા ؓ
ખ) અબ્બાસ ؓ
ગ) હસન ઈબ્ને અલી ؓ
ઘ) ઝૈનુલ આબિદિન ؓ
ચ) મુહમ્મદ બાકિર ؓ
છ) જઅફર અસ્—સાદિક ؓ

૨ રસૂલુલ્લાહ ﷺ ની દીકરીઓ

ક) રૂકય્યા ؓ
ખ) ઝૈનબ ؓ
ગ) ઉમ્મે કુલસુમ ؓ

3 રસૂલુલ્લાહ ﷺ ની પત્નીઓ

ક) ઝૈનબ બિન્તે ખુઝયમા ؓ
ખ) ઝૈનબ બિન્તે જહશ ؓ
ગ) સવદા ؓ
ઘ) હફસા ؓ
ચ) ઉમ્મે હબીબા ؓ
છ) સફિય્યા
જ) જુવૈરિયા ؓ
ઝ) આયેશા ؓ
ટ) ઉમ્મે સલમા ؓ

૪ ક) અકિલ ઈબ્ને અબિ તાલિબ ؓ
ખ) સુફિયાન ઈબ્ને હારિસ ؓ
ગ) અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર ؓ

૫ ક) ઈમામ મલિક ؓ
ખ) નાફિઅ ؓ (ઈમામ મલિકના ઉસ્તાદ)

૬ ઈબ્રાહિમ (રસૂલુલ્લાહ ﷺ ના પુત્ર)
ઈબ્રાહિમ ؓ ની નજીકના નિશાની વગરના સ્થળે દફન.

- સઅદ ઈબ્ને અબિ વક્કાસ ؓ
- અબ્દુર્ રહમાન ઈબ્ન ઔફ ؓ
- ઉસ્માન ઈબ્ને મઝઉન ؓ
- અબ્દુલ્લાહ ઈબ્ને મસઉદ ؓ
- અસઅદ ઈબ્ને ઝુરારા ؓ

૭ હર્રહ ના શહીદો ؓ
૮ ઉસ્માન ઈબ્ને અફફાન ؓ
૯ હલીમા ؓ
૧૦ અબુ સઈદ ખુદ્રી ؓ
૧૧ સફિય્યા ؓ (મુહમ્મદ ؓ નાં ફોઈ)

رضي الله عنهم

વિદાયની સલામ અને મદીના મુનવ્વરહથી રવાનગી

૧ મસ્જિદે નબવીમાં બે રકાત પઢો, બની શકે તો રોઝા સ્થળે પઢો.

૨ રસૂલુલ્લાહ ﷺ તથા આપના બન્ને સાથીઓને વિદાયની સલામ પેશ કરો (પૃષ્ઠ ૧૭ ૫૨ સૂચવ્યા મુજબ)

૩ કિબ્લા તરફ મોં કરી તમારી હજ (અથવા ઉમરહ) અને ઝિયારત કબૂલ થાય એવી દુઆ માંગો. સહીસલામત ઘરે પહોંચો અને મક્કા મદીનામાં આ તમારી આખરી સફર ન હોય એવું માંગો. આ દુઆમાં તમારી સર્વે દીની અને દુન્યવી જરૂરિયાતોને સમાવી લો. તમારાં કુટુંબીજનો, દોસ્તો, સગાં તથા સમગ્ર ઉમ્મતને યાદ રાખો. આ નમ્ર લેખકને પણ સામેલ કરો. વિદાય વેળાએ આંસુ વહેવા દો. જો ઈખ્લાશ હશે તો આ આંસુ કબૂલ થવાની નિશાની બની શકે. જો આંસુ ન વહે તો કમસેકમ અન્ય રડવાવાળાનું અનુકરણ કરો.

૪ વિદાયનું દર્દ દિલમાં રાખી દુરૂદ શરીફ પઢતાં પઢતાં સુન્નત તરીકાથી રવાના થાવ.

અલ્લાહ. તમારી ઝિયારતને કબૂલ કરે અને આપણને આ પવિત્ર સ્થળોની મુલાકાતની તકો વારંવાર આપે. આમીન

કેટલીક ધ્યાનમાં રાખવાની બાબતો

૧ કબર મુબારક તરફ પૂંઠ ન કરો, નમાઝમાં હોવ ત્યારે પણ અને તે સિવાય પણ. નમાઝ માટે એવા સ્થળે ઊભા રહો કે તમારો આગળનો ભાગ કે પૂંઠ કબર મુબારક તરફ ન આવે. નમાઝ સિવાયના સમયે તો કબર મુબારક તરફ પૂંઠ કરવાનું કોઈ કારણ હોઈ શકે નહીં.

૨ જયારે પણ કબર મુબારક પાસેથી પસાર થવાનું થાય ત્યારે થોડીવાર શાન્ત ઊભા રહો, સલામ પેશ કરો અને પછી આગળ જાઓ. કેટલાક ઉલેમાના મતે મસ્જિદની બહારના ભાગેથી પસાર થઈએ ત્યારે પણ સલામ પેશ કરવી જોઈએ.

૩ મસ્જિદની અંદર હોવ ત્યારે નજર રસૂલુલ્લાહ ﷺ ની આરામગાહ તરફ કરવી જોઈએ. મસ્જિદની બહાર હોવ ત્યારે લીલા ગુંબજ તરફ નજર ઠેરવો.

૪ તમારી ચાલચલગત વિશે કાળજી રાખો. મોટા અવાજે ન બોલો. મસ્જિદમાં દુન્યવી વાતો ન કરો. બીજાઓ સાથે ખરાબ વર્તાવ ન કરો કે તેમને તકલીફ ન પહોંચાડો.

૫ મુશ્કેલી અને તકલીફોને હસતે મુખે વેઠો. ફરિયાદ કે કચકચ ન કરો.

૬ મદીના મુનવ્વરહના તમામ નિવાસીઓને માન આપો. તેમની સાથે પ્રેમ અને નમ્રતાથી વર્તો. તેઓ કદાચ તમારા પ્રત્યે અયોગ્ય વર્તન કરે તો પણ ધીરજ ધરો. ટંટોફસાદ ન કરો.

૭ મદીનામાં કંઈ ખરીદી કરો ત્યારે ત્યાંના વેપારીને મદદરૂપ થવાની નિય્યત મનમાં રાખો. આવી નિય્યતનો તમને સવાબ મળશે.

છેલ્લે

મારો ઈરાદો આ પુસ્તિકા રમઝાન ૧૪૧૦માં પૂરી કરવાનો હતો. પણ રમઝાન દરમિયાન મારા બાર્બડોસના ત્રણ સપ્તાહના રોકાણ દરમિયાન અત્યંત વ્યસ્ત રહેવાને કારણે હસ્તપ્રત જોવાનો પણ સમય ન મળ્યો. છેવટે, અલ્લાહ ﷻ ની મહેરબાનીથી ઇંગ્લેન્ડ પરત આવ્યા બાદ જુમ્આ ૨૨ શવ્વાલ ૧૪૧૦ (મે, ૧૯૯૦)ના દિવસે અસરની નમાઝ પછી આ કિતાબ પૂરી કરી શકયો.

પુસ્તિકા વહેલી તકે પ્રગટ થાય એવી મારી ઈચ્છા છતાં એ હું ન કરી શકયો. પ્રત્યેક વસ્તુ માટે અલ્લાહે ﷻ સમય નિશ્ચિત કરેલો છે, એ રીતે આનું હવે પ્રકાશન થાય છે.

આ પ્રકાશનને શકય બનાવનાર સર્વે ભાઈઓનો હું આભારી છું, ખાસ કરીને મૌલાના મુહમ્મદ ઉસ્માન ગની સાહેબ. અલ્લાહ ﷻ એ સૌને દુનિયામાં અને આખેરતમાં ભરપૂર બદલો આપે, આમીન

હું દુઆ સાથે ખતમ કરૂં છું. અલ્લાહ ﷻ આ નમ્ર પ્રયાસને કબૂલ કરે અને તેની દયા, કૃપા, નેઅ્મતો, બરકતો અને રઝામંદી – પ્રસન્નતા આપણા પર વરસાવે, અલ્લાહ ﷻ આપણા દિલોમાં રસૂલુલ્લાહ ﷺ ની સાચી મહોબ્બત, લગની પેદા કરે.

હઝરત મૌલાના મુહમ્મદ સલીમ ધોરાત

લેસ્ટર, ઇંગ્લેન્ડ

શાબાન ૧૪૧૫ / જાન્યુઆરી ૧૯૯૫

ઈસ્લામિક દા'વા અકાદમી
જામિ'અહ રિયાઝુલ ઉલૂમ

જામિ'અહ રિયાઝુલ ઉલૂમ નિવાસી શૈક્ષણિક સંસ્થા છે જે મેલ્બોર્ન રોડ, લેસ્ટર, યુ.કેમાં આવેલી છે. એની સ્થાપના રમઝાન ૧૪૧૯ (ડિસેમ્બર ૧૯૯૮) માં ૧૬ વર્ષથી ઉપરના ઈસ્લામ વિશેના પોતાના જ્ઞાનની વૃધ્ધિ ઈચ્છતા વિધાર્થીઓને પૂર્ણ સમયનું દીની શિક્ષણ આપવાના હેતુથી થયેલી.

સંસ્થા આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો વિકસાવવાની નેમથી ઉચ્ચતમ સ્તરનું ઈસ્લામી શિક્ષણ આપવા પ્રયાસ કરે છે, તેથી પ્રવેશ સંખ્યા મર્યાદિત છે.

સંસ્થામાં હાલ દિવ્ય કુર્આન હિફ્ઝ, કિર્આત તથા છ વર્ષીય પૂર્ણ સમયનો ઈસ્લામી ધર્મશાસ્ત્રના અભ્યાસક્રમો છે, જે ઈસ્લામની વિવિધ વિધાશાખાઓને આવરી લે છે.

આનો લાભ લેવા, કોઈ રીતે સહાયક થવા, કે વધુ માહિતી માટે સંપર્ક કરો :

Jame'ah Riyadul 'Uloom, 120 Melbourne Road, Leicester, England LE2 ODS

Tel. (0116) 262 5440